# બ્રીજ સેલ

# ૨૦૧૫–૧૬

| અપીલ નંબર/ વર્ષ | માહિતીની વિગત | અપીલ હુકમ નં. અને તારીખ |
|---|---|---|
| ૧<br>૨૦૧૫–૧૬ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૮/૦૮/૨૦૧૫, આઈ.ડી.નં.૩૩૧ ની અરજીનાં મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./૦૧,<br>તા.૨૮/૧૦/૧૫. |
| ૨<br>૨૦૧૫–૧૬ | અરજદાર શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકી,આઈ.ડી.નં.૫૭૦, તા.૧૦/૦૪/૧૫ ની અરજી અંગેની પ્રથમ અપીલ અરજી તા.૨૮/૧૦/૨૦૧૫ | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./<br>અપીલ / તબદીલ/આ./૨/૧<br>તા.૬/૧૧/૧૫ |
| ૩<br>૨૦૧૫–૧૬ | આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ભાવેશ અશોકભાઈ ભીંગરાડીયાની તા.૧૫/૧૨/૧૫, આઈ.ડી.નં.૧૩૬૨ નાં મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./<br>અપીલ / હુકમ /આ./૦૨<br>તા.૧૦/૦૩/૧૬ |
| ૪<br>૨૦૧૫–૧૬ | આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી સંજય આર.પાઠકની તા.૦૭/૧૦/૨૦૧૬, આઈ.ડી.નં.૧૬૮૫ ની અરજીનાં મુદ્દા નં.૦૧ થી ૦૮ પૈકી મુદ્દા નં. ૦૪ ની માહિતી આપવા બાબત. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./<br>અપીલ / હુકમ /આ./૦૧<br>તા.૧૮/૦૪/૧૬ |

## હુકમ નં.૧

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૩૩૧, તા.૨૮/૦૮/૧૫ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નં.** નં.SMC/FAP/BRIDGE CELL/01/2015-16, તા.૦૬/૧૦/૧૪

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૧/૧૦/૧૫ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૬/૧૦/૧૫ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૨૮/૦૮/૧૫,આઈ.ડી.નં.૩૩૧ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૦૪/૦૯/૧૫ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા કતારગામ મેઈન રોડ પર આવેલ ફલાય ઓવર બ્રીજ બાબતે મુદ્દા નં.૦૧ થી ૦૬ ની વિવિધલક્ષી માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે.પટેલ ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૪૪, તા.૨૪/૦૯/૧૫ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ નીચે મુજબ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારને પુરી પાડવામાં આવેલ હતી. તેમજ સદર બાબતે જરૂરી દસ્તાવેજો પાના નં.૨ વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ હતા. જયારે મુદ્દા નં. ૪ થી ૬ ની માહિતી અત્રેના ખાતામાં ઉલપબ્ધ ન હોવાથી, તેઓને પુરી પાડવામાં આવેલ ન હતી.

**૪. અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં માહિતી અધુરી આપેલ હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૪/૧૦/૧૫ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદારને ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./૪૪, તા.૨૪/૦૯/૧૫ થી માહિતી સમયમર્યાદામાં દસ્તાવેજી પુરાવા સહિત આપવામાં આવેલ છે.

**૬. રીમાર્કસ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૭/૧૦/૧૫ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.જે. પટેલ હાજર રહેલ અને તેઓએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી., જેમાં અરજદાર ધ્વારા માહિતીનાં મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પાઠવેલ છે. પંરતુ મુદ્દા નં. ૪ થી ૬ ની માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવતાં જે મુદ્દાની માહિતી અંગે ઉપલબ્ધ રેકર્ડની યોગ્ય ચકાસણી કરી અમો અરજદારને ફરીથી પાઠવવા રજુઆત કરેલ. જે અન્વયે જા.મા.અધિકારી તરફથી મુદ્દા નં.૪ થી ૬ ની માંગેલ માહિતી સુચન પ્રકારની હોય, જેતે સમયે ઓફીસ રેકર્ડ તપાસતાં આ મુદ્દાઓ અંગેનાં સાધનીક પુરાવાઓ ઉપલબ્ધ ન હોય, આ મુદ્દાઓ અંગે કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી. તેમ જણાવેલ હતુ.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ઘ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૮/૦૮/૧૫,આઈ.ડી.નં.૩૩૧ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે તેમ છતાં અરજદારની રજુઆતને ધ્યાને લઈ, અરજીનાં મુદ્દા નં. ૪ થી ૬ ની માહિતી દફતરી રેકર્ડ ચેક કરી ફરીથી દિન–૦૭ માં અરજદારને વિના મુલ્ય પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**તબદીલ –૨**

61-10 GUJARAT GOVERNMENT GAZETTE EX., 26-04-2010 PART IV-A

**નમૂનો –ધ**
**(જુઓ નિયમ–૪(૨))**
**બીજા જાહેર સત્તામંડળને લગતી અરજીની તબદીલી**

મોકલનાર : શ્રી એ.જે.પંડયા, અપીલ અધિકારી
કાર્યપાલક ઈજનેર , બ્રીજસેલ વિભાગ,
જુની એનેક્ષી બિલ્ડીંગ,સુરત મહાનગરપાલિકા,
રૂમ નં.૧૧૮, ત્રીજો માળ, મુગલીસરા, સુરત.
બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં.......
તારીખ :– ......./....../૨૦....

**પ્રતિ,**

**(૧) અપીલ અધિકારી અને ખાતાકીય તપાસ અધિકારીશ્રી**
ઈન્કવાયરી વિભાગ,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

**(૨) અપીલ અધિકારી અને વીજીલન્સ અધિકારીશ્રી**
વીજીલન્સ વિભાગ,
સુરત મહાનગરપાલિકા ,
સુરત.

**શ્રીમાન,**

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫, હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી ધ્વારા તા.૧૦/૯/૧૫ ના રોજ કલેકટર કચેરીમાં પ્રથમ અરજી કરવામાં અવોલ સદર અરજી જાહેર મા.અધિકારી અને જનસંપર્ક અધિકારી અધિકારી ટુ કલેકટર ધ્વારા તા.૭/૧૦/૧૫થી મધ્યસ્થ કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે જા.મા.અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક ધ્વારા તા.૧૪/૧૦/૧૫ થી અત્રે, તમામ ઝોન તથા ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. સદર પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને પત્ર નં.ટીપીડી/અપીલ/આ.નં./૧૫૪, તા.૨૬/૧૦/૧૫ થી અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ. અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને અરજદારને તા.૫/૧૧/૧૫ના રોજ રૂબરૂ રજુઆત માટે બોલાવવામાં આવતાં, તેઓ તરફથી રજુઆત કરવામાં આવેલ કે , તેઓ મારફત માંગવામાં આવેલ માહિતી આપના વિભાગને સંલગ્ન જણાતી હોવાથી, આ અંગે આગળની જરૂરી કાર્યવાહી માટે આ સાથે આપને તબદીલ કરવામાં આવે છે.જે અંગે તાકીદે ઘટતિ કાર્યવાહી થવા વિનંતી.

આથી પ્રામાણિત કરવામાં આવે છે કે, અરજદારે નિયમ–૫(ક) પ્રમાણે અરજી ફી પેટે રૂા.૨૦/– (ફકત વીસ રૂપિયા) પોસ્ટલ ઓર્ડર નં. ૦૩જી૨૩૨૧૪૧ તા.૧૨/૨/૧૫ થી જમા કરાવેલ છે.

આપનો વિશ્વાસુ

ટેલીફોન નં : ૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.નં.૫૧૧)
ફેક્ષ નં.૦૨૬૧–૨૪૫૧૯૩૫–૨૪૨૨૧૧૦
મો. ૯૭૨૪૩–૪૫૪૨૭
ઈ–મેઈલ :– exen.bridge@suratmunicipal.org

**નકલ રવાના :**– હેડ કલાર્કશ્રી,બ્રીજસેલ વિભાગ પ્રતિ.......

ઉપર જણાવેલા સંબંધિત જાહેર સત્તામંડળના અપીલ અધિકારીનો સંપર્ક કરવા તેને / તેણીને વિનંતી કરવામાં આવે છે.

## હુકમ નં.૩

**અરજદાર શ્રી ભાવેશ અશોકભાઈ ભીગરાડીયાની તા.૧૫/૧૨/૧૫, આઈ.ડી.નં.૧૩૬૨ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નં.** નં.SMC/FAP/BRIDGE CELL/03/2015-16, તા.૨૧/૦૧/૧૬

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૨૧/૦૧/૧૬ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૨૭/૦૧/૧૬ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૧૫/૧૨/૧૫,આઈ.ડી.નં.૧૩૬૨ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૭/૧૨/૧૫ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા વરાછા વિસ્તારમાં આવેલ વરાછા ફલાય ઓવર બ્રીજની મુદ્દા નં.૧ થી ૦૫ ની વિવિધલક્ષી માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એ.જે.સોલંકી ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૬૨/૨, તા.૨૮/૧૨/૧૫ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ મુદ્દા નં. ૧ ની માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

મુદ્દા નં. ૨ ની આંશિક માહિતી માટે આર.ડી.ડી. વિભાગને અત્રેના ખાતાના પત્ર નં. નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૬૨, તા.૨૧/૧૨/૧૫ તથા ટાઉન પ્લાનીગ વિભાગમાં મુદ્દા નં. ૩ ની માહિતી માટે અત્રેના ખાતાના પત્ર નં. નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં. ૬૨/ ૧, તા.૨૧/૧૨/૧૫ થી તબદીલ કરવામાં આવેલ છે.

**૪. અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીનાં મુદ્દા નં.૨ ની પુર્તતા અંશત : તથા મુદ્દા નં. ૫ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પુર્તતા રીપોર્ટમાં પોતાનો પક્ષ તા.૦૩/૦૨/૧૬ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદારને ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./૬૨/૨, તા.૨૮/૧૨/૧૫ થી માહિતી સમયમર્યાદામાં આપેલ છે. મુદ્દા નં.૨ માટે અત્રેથી આર.ડી.ડી. વિભાગમાં તબદીલ કરેલ તથા મુદ્દા નં.૫ અંગે જણાવવાનું કે, સદર માહિતી અત્રેના ખાતાને સંલગ્ન ન હોય, ઈસ્ટ ઝોનને લાગત હોય, સદર અરજી ઈસ્ટ ઝોન ધ્વારા તબદીલ થયેલ હોવાથી અત્રેથી માહિતી આપેલ નથી.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૭/૦૨/૧૬ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર ધ્વારા ટેલીફોનીક મેસેજ કરી જણાવેલ, કે તેઓ હાજર રહી શકે તેમ ન હોવાથી, બીજી તારીખની માંગણી કરતાં અત્રેથી ફરીવાર તા.૦૧/૦૩/૧૬ ના રોજ હાજર રહેવા જણાવેલ. પંરતુ જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એ.જે. સોલંકી હાજર રહેલ જયારે અરજદાર ધ્વારા કોઈ મૌખિક કે લેખિત જાણ કર્યા વિના ગેરહાજર રહેલ. જયારે જા.મા.અધિકારીશ્રીએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૫/૧૨/૧૫, આઈ.ડી.નં.૧૩૬૨ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે તથા જરૂરી માહિતી માટે અન્ય ખાતા / વિભાગમાં સમયમર્યાદામાં તબદીલ પણ કરવામાં આવેલ હતી. અરજદારને પોતાના પક્ષ / રજુઆત માટે ૦૨ વાર બોલાવવામાં આવેલ પરંતુ તેઓ હાજર રહેલ ન હતા., જે ધ્યાને લઈ અરજદારની અપીલ અરજીની માંગણી ગ્રાહય ન રાખી તેઓની અપીલ અરજી અંગે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જેથી અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવા નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૪**

**અરજદાર શ્રી સંજય આર.પાઠકની આઈ.ડી.નં.૧૬૮૫ તા.૦૭/૧૦/૨૦૧૬ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી** નં. SMC/BRIDGE CELL/FAP/IN.No.04/2015-16.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૨૯/૦૨/૨૦૧૬ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૩/૧૬ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૦૭/૧૦/૨૦૧૫, આઈ.ડી.નં.૧૬૮૫ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૯/૧૦/૧૫ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અઠવા બ્રીજ હોનારત બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહીતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એમ.જી.ચોટલીયા ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૫૬/૧, તા.૩૦/૧૨/૧૫ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ નીચે મુજબ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

મુદ્દા નં. ૧ થી ૮ પૈકી મુદ્દા નં.૪ માટે અરજદારને ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ જરૂરી દસ્તાવેજો માટે રૂા.૪૧૯/– ફી જમા કરાવવા જણાવેલ જે મુજબ અરજદારે સદર ફી અત્રેના સીવીક સેન્ટરના રસીદ નં.૨૧૪૯૯૯ તા.૧૯/૧૨/૧૫ થી જમા કરાવેલ. જે સંદર્ભે તેઓને સદરહું માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં માહિતી અધુરી અને બિનઉપયોગી હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૬/૦૩/૧૬ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદારને ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./૫૬/૧, તા.૩૦/૧૨/૧૫ થી માહિતી સમયમર્યાદામાં દસ્તાવેજી પુરાવા સહિત આપવામાં આવેલ છે. જેમાં સદર બ્રીજનાં અકસ્માતનાં કારણે થયેલ હોનારાત અંગે જરૂરી તારણો / કારણો જાણવા સારૂ. ગુજરાત રાજય સરકારશ્રી મારફતે શ્રી જી.આર.અલોરીયા(અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને પણ એક ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવેલ હતી.

સદર બાબતે રાજય સરકારશ્રી મારફતે નિમવામાં આવેલ ઉચ્ચસ્તરીય તપાસ સમિતિ મારફત અકસ્માતના બનાવના કારણોની તપાસ પુર્ણ કરી સુરત મહાનગરપાલિકાને રાજય સરકાર મારફતે તા.૩/૯/૧૪ના રોજ અકસ્માતના કારણો,તારણો તથા તે પરત્વેનાં સુચનો સહિત ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના ન થાય તે બાબતે જરૂરી અભિપ્રાયો સાથેનો રીપોર્ટ સુરત

મહાનગરપાલિકાને સાદર કરેલ. જેની એક માત્ર નકલ અત્રેના વિભાગ પાસે ઉપલબ્ધ હોય, અરજદારશ્રીને સદર રીપોર્ટની નકલ પાઠવવામાં આવેલ હતી. આ ઉપરાંત અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અરજીની નકલ મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગ તથા મહેકમ વિભાગ પ્રતિ મોકલાવવામાં આવેલ હોય, તે વિભાગમાં માંગ્યા મુજબની માહિતીની ઉપલબ્ધતાએ પરભારે મળી હોઈ શકે.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૯/૦૩/૧૬ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર ગેરહાજર રહેલ જયારે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એ.જે.સોલંકી હાજર રહેલ અને આપેલ માહિતી બાબતે ચર્ચા કરેલ કે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સંપુર્ણ અને યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ છે એમ તેઓએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી. અપીલ અધિકારીશ્રી ધ્વારા અરજદારને પોતાનો પક્ષ રજુ કરવા ફરીવાર તા.૧૨/૪/૧૬ના રોજ હાજર રહેવા જણાવેલ જેમાં પણ અરજદાર કોઈ પણ પ્રકારની જાણ કર્યા વિના ગેરહાજર રહેલ હતા. જયારે જા.મા.અધિકારી હાજર રહેલ હતા.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તા.૦૭/૧૦/૨૦૧૬, આઈ.ડી.નં.૧૬૮૫ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે માંગેલ માહિતીનાં અન્ય મુદ્દાઓ માટે અન્ય ખાતા / વિભાગમાં અરજી તબદીલ થયેલ છે. જેથી અરજદારને વધુ કોઈ માહિતી / દસ્તાવેજો આપવાનાં રહેતા નથી. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in